# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 25-06-2024** **Evening : 7.50 to 8.00pm**

**Day : Tuesday** **National News**

આકાશવાણી સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

*********************************************

- લોકસભાના અધ્યક્ષપદ માટે એનડીએનાં ઓમ બિરલા અને વિપક્ષના કે સુરેશ વચ્ચે સ્પર્ધા- આવતી કાલે ચૂંટણી
- ભાજપ અને કોંગ્રેસે તેના સાંસદોને સંસદમાં હાજર રહેવા વ્હિપ જારી કર્યો
- લોકસભાના સાંસદોની શપથવિધી પૂર્ણ થઈ
- દારૂ નીતિ કેસમાં દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની અરજી દિલ્હી વડી અદાલતે ફગાવી.
- આગામી ચારથી પાંચ દિવસ દરમિયાન પશ્ચિમ કાંઠાના રાજ્યો અને ઉત્તરપૂર્વ ભારતમાં ભારે વરસાદની હવામાન ખાતાની આગાહી

*********************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## SPEAKER

ભાજપના વરિષ્ઠ નેતા અને ગઇ લોકસભામાં અધ્યક્ષ ઓમ બિરલા 18મી લોકસભામાં પણ આ હોદ્દા માટે એનડીએનાં ઉમેદવાર છે, જ્યારે વિરોધ પક્ષના ઇન્ડિયા ગઠબંધને કોંગ્રેસના આઠ વારના સાંસદ કે સુરેશને મેદાનમાં ઉતાર્યા છે. બંને

ઉમેદવારોએ આજે લોકસભાના અધ્યક્ષનાં હોદ્દા માટે પોતાનાં ઉમેદવારી પત્રો ભર્યા હતા, જેની ચૂંટણી આવતી કાલે યોજાશે.

અગાઉ, આ હોદ્દા માટે સરકાર અને વિરોધ પક્ષ સર્વાનુમતિ સાધવામાં નિષ્ફળ ગયા હતા. સરકારનાં કહેવા પ્રમાણે કોંગ્રેસે ઓમ બિરલાની ઉમેદવારીને ટેકો આપતા પહેલાં નાયબ અધ્યક્ષનું નામ જાહેર કરવાનો આગ્રહ રાખ્યો હતો. વિરોધ પક્ષની આ શરતને સરકારે ફગાવી દીધી હતી.

આ અંગે કેન્દ્રીય મંત્રી કિરણ રિજિજૂએ જણાવ્યું કે,,,

(Byte - Kiran Rijiju)

તો કોંગ્રેસ તરફથી એવી દલીલ કરવામાં આવી કે અમે એનડીએનાં ઉમેદવાર ને ટેકો આપવા તૈયાર છીએ, પણ એનડીએ એ નાયબ અધ્યક્ષપદ માટે વિપક્ષનાં ઉમેદવારને ટેકો આપવો જોઇએ.

આ અંગે રાહુલ ગાંધીએ જણાવ્યું કે...

(Byte - Rahul Gandhi)

અમારા પ્રતિનિધિ જણાવે છે કે, સ્વતંત્રતા મળી ત્યારથી લોકસભાના અધ્યક્ષની નિયુક્તિ સર્વાનુમતે થઈ છે, પરંતુ સ્વતંત્રતા બાદ પ્રથમ વાર આ હોદ્દા માટે ચૂંટણી યોજાશે.

## Whip

આવતી કાલે લોકસભાના અધ્યક્ષ પદ માટે ચૂંટણી યોજાવાની છે ત્યારે ભારતીય જનતા પાર્ટી અને કોંગ્રેસે તેનાં તમામ સાંસદોને આવતી કાલે સંસદમાં હાજર રહેવા માટે વ્હિપ જારી કર્યો છે.

આજે સાંજે એનડીએનાં સહયોગી પક્ષોએ પણ પોતાનાં ફ્લોર લીડર્સની બેઠક યોજીને લોકસભા અધ્યક્ષની ચૂંટણી માટે વ્યૂહરચના ઘડી હતી.

ગુરૂવારે રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મૂ લોકસભા અને રાજ્યસભાની સંયુક્ત બેઠકને સંબોધન કરશે.

## LS-OATH

18મી લોકસભામાં ચૂંટાયેલા સાંસદો દ્વારા શપથ લેવાની પ્રક્રિયા આજે પૂર્ણ થઈ હતી. પ્રથમ સત્રનાં બીજા દિવસે આજે પાંચ સાંસદોને બાદ કરતા તમામ સાંસદોએ શપથ લીધા હતા.

આજે શપથ લેનારા અગ્રણી સાંસદોમાં ઓમ બિરલા, રાહુલ ગાંધી, અખિલેશ યાદવ, અભિષેક બેનરજી, સુપ્રિયા સુળે, હેમા માલિની અને યુસુફ પઠાણનો સમાવેશ થાય છે. ઉત્તરપ્રદેશમાંથી કોંગ્રેસના કિશોરી લાલ અને ઇમરાન મસુદ, સમાજવાદી પાર્ટીના ડિમ્પલ યાદવ, ભાજપના અરૂણ ગોવિલ, ડોક્ટર મહેશ શર્મા અને આઝાદ સમાજ પાર્ટીના ચંદ્રશેખરનો સમાવેશ થાય છે.

મહારાષ્ટ્રમાંથી નારાયણ રાણે અરવિંદ સાવંત અને પશ્ચિમ બંગાળમાંથી સૌગાતા રોય, મહુઆ મોઇત્રા, ડોક્ટર કાકોલી ઘોષે શપથ લીધા હતા.

પંજાબમાંથી ભૂતપુર્વ મુખ્યમંત્રી ચરણજીત સિંહ ચન્ની, હરસિમરત કૌર બાદલ, ઓડિશામાંથી સંબિત પાત્રા, બૈજયંત પાંડાએ શપથ લીધા હતા.

તામિલનાડુથી ડીએમકેના દયાનિધી મારન, ટીઆર બાલુ અને કણિમોઝી, કોંગ્રેસના સસિકાન્થ સેન્થિલ અને કે ગોપીનાથે શપથ લીધા હતા. ગઈ કાલે કુલ 266 સાંસદોએ શપથ લીધા હતા, જ્યારે બાકીના સાંસદોએ આજે શપથ લીધા હતા.

દરમિયાન, ઉપરાષ્ટ્રપતિ અને રાજ્યસભાના અધ્યક્ષ જગદીપ ધનખડે રાજયસભાના નવા ચૂંટાયેલા સભ્ય સુનેત્રા પવારને સંસદ ગૃહમાં શપથ લેવડાવ્યા હ તા.

# MID BREAK

આ રાષ્ટ્રીય સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો...

## KEJRIWAL BAIL

દારૂ નીતિ કેસ સાથે સંકળાયેલા મની લોન્ડરિંગ કેસમાં જામીન મંજૂર કરતા નીચલી અદાલતના આદેશ પર દિલ્હી વડી અદાલતે આજે મનાઇ હૂકમ આપતા મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે હવે જેલમાં જ રહેવું પડશે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે નીચલી અદાલતનાં ચૂકાદા સામે કરેલી અરજી પર ન્યાયમૂર્તિ સુધીરકુમાર જૈનની વેકેશન બેન્ચે આ આદેશ આપ્યો છે. નીચલી અદાલતે પોતાની દલીલને બરાબર સાંભળી નથી એવા ઇડીનાં આક્ષેપો સાથે વડી અદાલત સંમત થઈ હતી.

ગઇકાલે, નીચલી અદાલતના ચૂકાદા પર મનાઇ હૂકમ આપતા વડી અદાલતનાં ચૂકાદાને પડકારતી શ્રી કેજરીવાલની અરજી પર સર્વોચ્ચ અદાલતે સુનાવણી મોકૂફ રાખી હતી અને વધુ સુનાવણી બુધવાર પર મોકૂફ રાખી હતી.

ઉલ્લેખનીય છે કે, દિલ્હી શરાબ કેસ સંબંધિત ભ્રષ્ટાચાર કેસમાં 21 માર્ચનાં રોજ અરવિંદ કેજરીવાલની ધરપકડ કરવામાં આવી હતી. લોકસભા ચૂંટણીમાં પ્રચાર કરવા માટે સર્વોચ્ચ અદાલતે તેમને વચગાળાના જામીન આપ્યા હતા. તેઓ 2 જૂને જેલમાં પાછા ફર્યા હતા.

## Weather forecast

આજે ઉપ-હિમાલયન,પશ્ચિમ બંગાળ અને સિક્કિમમાં અતિ ભારે વરસાદની સંભાવના છે. હવામાન વિભાગે આગામી ચારથી પાંચ દિવસ દરમિયાન પશ્ચિમ કાંઠના રાજ્યો અને ઉત્તરપૂર્વ ભારતમાં ભારે વરસાદની આગાહી કરી છે. આગામી ત્રણથી ચાર દિવસ દરમિયાન ઉત્તર, પશ્ચિમ, મધ્ય, પૂર્વ અને ઉત્તર પશ્ચિમ ભારતના

બાકીના ભાગોમાં દક્ષિણપશ્ચિમ ચોમાસું આગળ વધવા માટે સાનુકુળ સ્થિતિ છે. દરમિયાન, દિલ્હીમાં આગામી પાંચથી છ દિવસ સુધી હળવો વરસાદ અને વાવાઝોડાની શક્યતા છે.

હવામાન વિભાગે આજે પણ પંજાબ, હરિયાણા, પશ્ચિમ ઉત્તર પ્રદેશ, બિહાર અને પશ્ચિમ રાજસ્થાનમાં  ગરમીનું મોજુ યથાવત રહેવાની આગાહી કરી છે.

## REV. PM-EMERGENCY

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 1975માં કટોકટીનો વિરોધ કરનાર તમામ લોકોને શ્રધ્ધાંજલિ આપી હતી. સોશિયલ મિડિયા પોસ્ટમાં શ્રી મોદીએ જણાવ્યું કે, આજનો દિવસ એ સમયની યાદ અપાવે છે કે કોંગ્રેસે કઈ રીતે નાગરિકોની મુળભુત સ્વતંત્રતા છીનવી લીધી હતી અને બંધારણને કચડી નાખ્યુ હતું. તેમણે કહ્યું કે, તત્કાલીન કોંગ્રેસ સરકારે પ્રત્યેક લોકશાહી સિધ્ધાંતનું અપમાન કર્યું હતું અને દેશને જેલમાં ફેરવી નાખ્યો હતો. તેમણે કહ્યું કે, કટોકટી લાદનારાઓને બંધારણ પ્રત્યેનો પ્રેમ બતાવવાનો કોઈ અધિકાર નથી.

## FM- PRE BUDGET MEET

કેન્દ્રીય નાણા મંત્રી નિર્મલા સીતારમણે આજે આગામી સામાન્ય બજેટ પૂર્વે નવી દિલ્હીમાં વેપાર અને સેવા ક્ષેત્રના પ્રતિનિધિઓ સાથે સાતમી બેઠક યોજી હતી. આ બેઠકમાં કેન્દ્રીય નાણા રાજ્યમંત્રી પંકજ ચૌધરી, મુખ્ય આર્થિક સલાહકાર વી અનંત નાગેશ્વરન, નાણા સચિવ ટી વી સોમનાથ, ખર્ચ વિભાગના સચિવ અને આર્થિક બાબતોના વિભાગ તથા વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયના સચિવો ઉપસ્થિત રહ્યા હતા. એક અન્ય બેઠકમાં શ્રીમતી સિતારમણે રોજગાર અને કૌશલ્ય વિકાસનાં ક્ષેત્રોનાં નિષ્ણાતો સાથે વિચાર વિમર્શ કર્યો હતો.

## UP Cabinet Exam

ઉત્તરપ્રદેશ કેબિનેટે આજે ઉત્તરપ્રદેશ જાહેર પરિક્ષા વટહૂકમ, 2024ને પસાર કર્યો હતો. આ વટહૂકમ હેઠળ ઉલ્લંઘન કરનારાઓ સામે સજાની કડક જોગવાઈ કરવામા આવી છે, જેમાં બે વર્ષ સુધીની જેલ અને રૂપિયા એક કરોડ સુધીના દંડનો સમાવેશ થાય છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથનાં અધ્યક્ષપદ હેઠળ યોજાયેલી કેબિનેટની બેઠકમાં 42 અન્ય દરખાસ્તોને પણ મંજૂર કરવામાં આવી હતી.

અમારા પ્રતિનિધિ જણાવે છે કે, મહિલાઓ, બાળકો અને ગુંડાઓ સંબંધિત કેસોમાં આગોતરા જામીન મંજૂર નહિં કરવાની દરખાસ્તને પણ મંજૂરી આપવામાં આવી છે.

## SAFAI APNAO BIMARI BHAGAO

આવાસ અને શહેરી બાબતોનું મંત્રાલય 1 જુલાઇથી 31 ઓગસ્ટ દરમિયાન સ્વચ્છ ભારત મિશન-અર્બન 2.O હેઠળ ‘સફાઇ અપનાવો, બિમારી ભગાવો’ પહેલ શરૂ કરશે. આ પહેલનો હેતુ જૂનથી ઓગસ્ટ દરમિયાન ભારે વરસાદ અને આરોગ્યનાં વધતા જોખમોનાં પડકારનો સામનો કરવા શહેરની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ તૈયારી વધારવાનો છે. આ પહેલ અંતર્ગત ચોમાસાની ઋતુમાં સફાઇ અને રોગ સંબંધિત પડકારોનો સામનો કરવા માટે આરોગ્ય મંત્રાલયના વિવિધ વિભાગો વચ્ચે સહિયારો પ્રયત્ન કરવામાં આવશે.